**વંચાણે લીધા :** ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ ( સત્તા સોંપણી ) નિયમો–૨૦૧૧ ના સ્ટેચ્યુટ–૧૨૧ ની આઈટમ નં.૭૮(iii) (abc)

# : પરિપત્ર :

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીમાં ગુજરાત રાજય કૃષિ યુનિવર્સિટીઓ ( સત્તા સોંપણી ) નિયમો–૨૦૧૧, તા.૨૯/૦૬/૨૦૧૩ થી અમલમાં આવેલ છે. જેમાં સ્ટેચ્યુટ–૧૨૧ ની આઈટમ નંબર–૭૮( iii) માં તમામ પ્રકારની ડીપોઝીટ પરત ચૂકવવાની સત્તા એનાયત થયેલ છે.જે પૈકી નીચે સહી કરનારને મળેલ સત્તા મુજબ અત્રેથી ડીપોઝીટ રીફંડ કરવાની મંજુરી આપવાની રહે છે. ડીપોઝીટ રીફંડ માટે રજુ કરવામાં આવતી દરખાસ્તો સાથે નીચે મુજબની શરતો ધ્યાને લઈ દરખાસ્ત રજુ કરવા જણાવવામાં આવે છે.

(૧) ડીપોઝીટની રસીદ/એફ.ડી.આર/ચલણ અસલમાં રજુ કરવાની રહેશે.

શરતો :

(૨) જે તે કામગીરી માટે ડીપોઝીટ રાખવાની મુદત પૂરી થયાના આધારો જોડવાના રહેશે.

(૩) સંબંધિત ડીપોઝીટ કચેરીના ડીપોઝીટ રજીસ્ટરે જમા લીધાના આધારો જોડવાના રહેશે.

(૪) સક્ષમ અધિકારી ધ્વારા મંજુર થયેલ કમિટિએ કામ સંતોષકારક થયેલ છે.અને ડીપોઝીટ પરત ચુકવી આપવાની ભલામણ સાથે રોજકામ કરવાનું રહેશે.અને તેવા રોજકામની નકલ દરખાસ્ત સાથે જોડવાની રહેશે.

(૫) બાંધકામ સંબંધી બીલમાંથી કપાત કરેલ ડીપોઝીટની પરત ચૂકવણી માટે સ્થળપ્રત બીલ પુરાવા તરીકે રજુ કરવાનું રહેશે.

(૬) સમય મર્યાદા પછી વિલંબથી ચૂકવવામાં આવતી ડીપોઝીટના વિલંબના કારણો જણાવવાના રહેશે.

સદરહુ પરિપત્ર મા.કુલપતિશ્રીની સુચના મુજબ બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/ ૬૦૧ /૧૪
તા.૦૩/૦૬/૨૦૧૪.

**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ જય ભારત સાથ રવાના :**

(૧) આ યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓ તરફ અમલ થવા સારૂ.